શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૮૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
Golden Health Check-up (ગોલ્ડન હેલ્થ ચેકઅપ)
Rs. 5800/- Rs. 2500/-
- જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
- યુરિન (પેશાબ) ચેકઅપ (Urine Test)
- સુગર તપાસ (Diabetes Test) FBS, PPBS, GHB
- કીડની તપાસ (Kidney (Renal) Profile) Urea, Creatinine, Uric Acid, Electrolytes (Na+,K+CL-), Phosphorus, Calcium
- લીવર તપાસ (Liver-Hepatic Test) SGPT, SGOT, Bilirubin, ALP, Protien
- કોલેસ્ટ્રોલ (ચરબી) તપાસ (Cholesterol, Triglyceride), HDL, LDL, V.L.D.L. Total Lipid)
- થાઈરોઈડ તપાસ (Thyroid Test) T3 T4 TSH
- છાતીની તપાસ (Chest X-Ray)
- હૃદયની તપાસ (Cardiac Test) ECG
- સંધિવા તપાસ (Arthritis Test), RA Test
- એમ.ડી. ડૉક્ટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)
- ન્યુટ્રીચન તપાસ (Nutrition Profile) Vita B12, Vita D3
- દાંતની તપાસ (Dental Checkups)
ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

પંચકર્મ - અગ્નિકર્મ - વેદનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT
ઉપનાહ સ્વેદન
લેપન
વેદાગ્નિકર્મ
પંચકર્મ
EKLપંચકર્મ
પટ્ટબંધન
અગ્નિકર્મ
ક્ષારકર્મ
વેદનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અચુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલક્ષુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ સુદ બારસ રવિવાર ૨૬ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૩૪

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

ભારે દબાણ વચ્ચે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું

CJPના નેજા હેઠળ વિદ્યાર્થીઓના ઉગ્ર આંદોલન પછી છેવટે પદ છોડ્યું

રાષ્ટ્રવિરોધી પરિબળો આ સ્થિતિનો લાભ નહીં ઉઠાવે તે માટે પોતે રાજીનામું આપ્યું હોવાનું જણાવ્યું

જાહેર વિવાદ બાદ રાજીનામું આપનાર મોદી સરકારના બીજા મંત્રી બન્યા, ૨૦૧૮માં મી ટુ ચળવળ વખતે એમ. જે. અકબરે રાજીનામુ આપ્યું હતું

૧૯૯૭માં ધર્મેન્દ્ર પ્રધાનને કારણે ઓડિશાના શિક્ષણ મંત્રીએ રાજીનામુ આપવું પડ્યું હતું!

કટક, તા. 25: ઉચ્ચ રાજકીય કદ ધરાવતા નેતા ભગવત પ્રસાદ મોહંતી, ઓડિશામાં જાનકી બલ્લભ પટનાયકની આગેવાની હેઠળની કોંગ્રેસ સરકારમાં શિક્ષણ મંત્રી હતા. મોહંતી 1980 અને 1990ના દાયકામાં બે વાર ઓડિશા વિધાનસભામાં ચૂંટાયા હતા. ધારાસભ્ય તરીકેનો તેમનો આ બીજો કાર્યકાળ હતો જેનું કનેક્શન હાલમાં જે બની રહ્યું છે તેની સાથે જોડાયેલું છે. 1997માં, ઓડિશા બોર્ડની 12મા ધોરણની અથવા રાજ્યમાં જેને પ્લસ 2 કહેવાય છે તેની પરીક્ષાઓમાં પેપર લીક થવાના આક્ષેપો થયા હતા. ભુવનેશ્વરના યુનિટ-5 સ્થિત રાજ્ય સચિવાલયની બિલકુલ બહાર, કથિત પેપર લીકનો વિરોધ કરવા અને મોહંતી તેમજ પટનાયક બંને પાસેથી જવાબદારી માગવા માટે 1,500 અન્ય લોકો સાથે એક યુવાન

...અનુસંધાન પાના 11 પર

નવી દિલ્હી, તા. 25 (PTI): NEET પેપર લીક વિવાદ અંગે વધતા જતા દબાણ વચ્ચે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને શનિવારે રાજીનામું આપી દીધું છે. રાષ્ટ્રીય રાજધાનીથી શરૂ થઈને દેશના વિવિધ ભાગોમાં ફેલાયેલા સપ્તાહો સુધીના વિરોધ પ્રદર્શનો પછી, કેન્દ્ર સરકારે ક્રોકરોચ જનતા પાર્ટી (CJP) ની આગેવાની હેઠળના આંદોલનની મુખ્ય માંગણી સ્વીકારી લીધી છે.

પ્રધાને એક નિવેદનમાં પોતાના નિર્ણયની જાહેરાત કરતા કહ્યું કે, છેલ્લા ૧૦ દિવસના બનાવોથી તેઓ ખૂબ જ દુ:ખી થયા છે અને આ મુદ્દો વ્યક્તિગત પ્રતિષ્ઠાનો વિષય નથી. તેઓ નહોતા ઈચ્છતા કે રાષ્ટ્રવિરોધી પરિબળો આ સ્થિતિનો ગેરલાભ ઉઠાવે, તે વાત નોંધતા પ્રધાને કહ્યું કે તેઓ સુનિશ્ચિત કરવા માગે છે કે રાષ્ટ્રની એકતા અક્ષુણ્ણ રહે, એક પણ વિદ્યાર્થીનું ભવિષ્ય કાનૂની ગૂંચવણોમાં ન અટવાય અને વિદ્યાર્થીઓ પોતાનો સમય અભ્યાસ તથા કારકિર્દી બનાવવા પાછળ વિતાવે. તેમણે કહ્યું, આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને, મેં મારું રાજીનામું આદરણીય વડાપ્રધાનશ્રીને મોકલી આપ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળમાં જાહેર વિવાદ બાદ રાજીનામું આપનારા પ્રધાન બીજા કેન્દ્રીય મંત્રી છે. અગાઉ ૨૦૧૮માં »MeToo આંદોલન દરમિયાન જાતીય સતામણીના આરોપો સામે આવ્યા બાદ એમ. જે. અકબરે વિદેશ રાજ્ય મંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું. પરીક્ષાની ગેરરીતિઓ અંગેની ચિંતાઓને દૂર કરવા માટે

...અનુસંધાન પાના 11 પર

જંતર મંતર પર ઉજવણીનો માહોલ

ઢોલ-નગારાના અવાજો ગુંજી ઉઠ્યા, દેશભક્તિના ગીતો ગવાયા

ચક દે ઇન્ડિયાની ધૂન પર નૃત્ય કરવામાં આવ્યું

નવી દિલ્હી, તા. 25 (PTI): NEET પેપર લીક મામલે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપતાં જંતર-મંતર પર શનિવારે હજારો પ્રદર્શનકારીઓ ઉત્સવની મજા માણી રહ્યા હતા. આ દરમિયાન દેશભક્તિના ગીતો, ઢોલ-નગારાના અવાજ અને વંદે માતરમના નારા ગુંજી ઉઠ્યા હતા. પ્રદર્શનકારીઓએ આ રાજીનામાને સપ્તાહોથી ચાલી રહેલા તેમના આંદોલનની પહેલી મોટી જીત ગણાવી હતી.

કેન્દ્રીય મંત્રીઓ સાથેની બેઠક બાદ તરત જ 'કોકરોચ જનતા પાર્ટી'(CJP)ના પ્રવક્તાઓએ જાહેરાત કરી હતી કે સરકારે તેમની તમામ માંગણીઓ સ્વીકારી લીધી હોવાથી આંદોલન પરત ખેંચવામાં આવી રહ્યું છે, તેમ છતાં વિરોધ પ્રદર્શનના સ્થળે ઉત્સવનો માહોલ ચાલુ રહ્યો હતો. જે વિરોધ પ્રદર્શન સ્થળે થોડા દિવસો પહેલાં જ અથડામણ, ટીયર ગેસ અને લોકોને ઇજાઓ થવાની ઘટનાઓ બની હતી, તે સ્થળ અચાનક ખુશીના માહોલમાં ફેરવાઈ ગયું હતું. પ્રદર્શનકારીઓ એકબીજાને ભેટી રહ્યા હતા, રાષ્ટ્રધ્વજ લહેરાવી રહ્યા હતા, 'ચક દે! ઈન્ડિયા' ગીત પર વર્તુળ બનાવીને નૃત્ય કરી રહ્યા હતા અને ડફલી વગાડીને લોકશાહી તથા વિદ્યાર્થી એકતાની ઉજવણી કરતા નારા લગાવી રહ્યા હતા.

ઘણા લોકોએ ડો. બી. આર. અંબેડકરની તસવીરો હાથમાં પકડી રાખી હતી, તો વળી કેટલાક લોકો એક લોકપ્રિય સોશિયલ મીડિયા મીમનું પુનરાવર્તન કરીને વીડિયો બનાવી રહ્યા હતા–જેમાં તેઓ પહેલા મોબાઇલ સ્ક્રીન પર પ્રધાનનું રાજીનામું બતાવતા હતા અને પછી જંતર-મંતર પર ભેગા થયેલા ઉત્સાહી ટોળા તરફ કેમેરો ફેરવતા હતા. મંચ પર હાજર સભ્યો અને સ્વયંસેવકોથી લઈને આ વિશાળ સભામાં પાછળ ઊભેલા લોકો સુધીના તમામ પ્રદર્શનકારીઓએ

...અનુસંધાન પાના 11 પર

એક સ્પેશ્યલ પોલીસ કમિશનર સહિત ત્રણ અધિકારીઓને ઇજા

પ્રધાનના રાજીનામા પછી કેટલાક દેખાવકારોએ પોલીસ પર પથ્થરમારો કર્યો

નવી દિલ્હી. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના શનિવારે રાજીનામાની જાહેરાત થયાના થોડા જ સમયમાં જંતર-મંતર ખાતે આંદોલનકારીઓના એક જૂથે સુરક્ષાકર્મીઓ પર કથિત રીતે પથ્થરમારો કર્યો હતો, જેમાં એક સ્પેશિયલ પોલીસ કમિશનર સહિત ત્રણ પોલીસ અધિકારીઓ ઈજાગ્રસ્ત થયા છે, તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે સુરક્ષા દળોએ અશ્રુવાયુ છોડ્યો હતો અને હળવો લાઠીચાર્જ કરવો પડ્યો હતો, તેમ સૂત્રોએ ઉમેર્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યારે વિરોધ સ્થળ પર વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ભીડ નિયંત્રણનું નિરીક્ષણ કરી રહ્યા હતા, ત્યારે પ્રદર્શનકારીઓનો એક ભાગ કથિત રીતે ઉશ્કેરાઈ જતાં હિંસા ભડકી ઉઠી હતી. પોલીસ સૂત્રના જણાવ્યા મુજબ, સ્પેશિયલ સેલના સ્પેશિયલ પોલીસ કમિશનર અનિલ શુક્લા, અન્ય વરિષ્ઠ અને ફીલ્ડ અધિકારીઓ સાથે ભીડને નિયંત્રિત કરવા અને સુરક્ષા વ્યવસ્થામાં કોઈ ભંગ ન થાય તે સુનિશ્ચિત કરવાના પ્રયાસોમાં સૌથી આગળ હતા.

પેપર લીક કેસમાં તપાસ બે મહિનામાં પુરી કરવાની રહેશે

નવા કાયદામાં જોગવાઇ, જાહેર પરીક્ષા ગેરરીતિ નિવારણ (સુધારા) ખરડાનો મુસદ્દો લોકસભાના સભ્યોને આપવામાં આવ્યો, ખરડો સોમવારે રજૂ થવાની વકી

નવી દિલ્હી, તા. 25 (PTI): બે વર્ષ જૂના પેપર લીક વિરોધી કાયદામાં સુધારો કરવા માટેનું એક બિલ સોમવારે લોકસભામાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે, જેમાં આરોપીઓ પર ઝડપી ટ્રાયલ ચલાવવા માટે દરેક રાજ્યમાં ફાસ્ટ-ટ્રેક કોર્ટ સ્થાપવાનો પ્રસ્તાવ મુકાયો છે.

'પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઓફ અન્ફેર મીન્સ) એમેન્ડમેન્ટ બિલ, ૨૦૨૬' મુજબ, પેપર લીકની ઘટનાઓ અંગેની તપાસ બે મહિનાની અંદર પૂર્ણ કરવાની રહેશે. લોકસભાના સભ્યોને રજૂઆત પહેલાં વિતરિત કરવામાં આવેલા ખરડાના મુસદ્દા અનુસાર, પરીક્ષાઓમાં પેપર લીક કે ગેરરીતિમાં સામેલ વ્યક્તિઓને ઓછામાં ઓછી ૫ વર્ષથી લઈને વધુમાં વધુ ૧૦ વર્ષ સુધીની જેલની સજા અને ૫૦ લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે. સંગઠિત ગુનાઓ માટે આ બિલમાં ઓછામાં ઓછી સાત વર્ષની સજા અને ૧૦ કરોડ રૂપિયા સુધીના દંડનો પ્રસ્તાવ છે. ખરડામાં જણાવાયું છે કે, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ફાસ્ટ-ટ્રેક કોર્ટ સ્થાપવા માટે નિર્દેશ આપવામાં આવશે, જે ચાર્જશીટ દાખલ થયાના ત્રણ મહિનાની અંદર ઝડપથી સુનાવણી કરીને ટ્રાયલ પૂરી કરશે.

શિક્ષણ ક્ષેત્રે જવાબદારી નક્કી કરવાની માગ સાથે જંતર-મંતર અને દેશના વિવિધ ભાગોમાં વિદ્યાર્થીઓના ચાલતા વિરોધ પ્રદર્શન વચ્ચે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નીટ-યુજી પેપર લીક જેવા કેસો સામે નિપટવા માટે કડક કાયદો બનાવવાનું વચન આપ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે આવા કેસોમાં આરોપીઓ પર ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. શુક્રવારે કેન્દ્રીય કેબિનેટે આ બિલને સંસદમાં રજૂ કરવા માટે મંજૂરી આપી દીધી હતી. આ સુધારા બિલનો હેતુ તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટીતંત્રોને આ પ્રસ્તાવિત કાયદા હેઠળના ગુનાઓની સુનાવણી માટે કોઈપણ સેશન કોર્ટને વિશેષ ફાસ્ટ-ટ્રેક કોર્ટ તરીકે નિયુક્ત કરવાની સત્તા આપવાનો છે. તે એ પણ સુનિશ્ચિત કરે છે કે આવી અદાલતોમાં કામકાજ દરરોજ ચાલુ રહે અને ચાર્જશીટ દાખલ થયાની તારીખથી ત્રણ મહિનાની અંદર ટ્રાયલ પૂર્ણ થાય. આ ઉપરાંત, જો જરૂર જણાય તો કોઈપણ ગુનાની તપાસ માટે ખાસ ટાસ્ક ફોર્સની રચના કરવાની સત્તા પણ કેન્દ્ર સરકારને આપે છે.

દેશભરમાં ઉત્તેજનાની લહેર પ્રસરાવનાર ૩૬ દિવસથી ચાલતા આંદોલનનો અંત

NEET વિવાદનો અંત: ૩૬ દિવસ બાદ CJPનું આંદોલન સમેટાયું

શિક્ષણ મંત્રીના રાજીનામા અને તમામ માંગણીઓ સ્વીકારાતાં જંતર-મંતરથી પ્રદર્શન પાછું ખેંચાયું, તમામ FIR રદ થશે

પરીક્ષા પદ્ધતિમાં વ્યાપક સુધારાઓ સહિતની બાબતો પર ચર્ચા માટે સરકાર સાથે ચાર સપ્તાહ પછી ફરીથી બેઠક યોજાશે

દેશભરના વિદ્યાર્થી આંદોલનકારીઓને ધરણા સ્થળોએથી શાંતિપૂર્ણ રીતે ખસી જવાની CJPની અપીલ

નવી દિલ્હી, 25 (PTI): શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પછી તુરંત જ, 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) એ શનિવારે NEET મુદ્દે જંતર-મંતર પર ચાલી રહેલા પોતાના ૩૬ દિવસના વિરોધ પ્રદર્શનને તાત્કાલિક અસરથી પાછું ખેંચી લીધું છે. CJPએ જણાવ્યું હતું કે સરકારે તેમની તમામ માંગણીઓ સ્વીકારી લીધી છે.

CJPએ ઉમેર્યું હતું કે પરીક્ષા પદ્ધતિમાં વ્યાપક સુધારાઓ પર કામ કરવા માટે બંને પક્ષો ચાર અઠવાડિયા પછી ફરીથી બેઠક કરશે. ભારતભરના તમામ સ્થળો પરથી વિરોધ પ્રદર્શન તાત્કાલિક અસરથી પાછા ખેંચવાની જાહેરાત કરતા CJPના પ્રવક્તા સૌરવ દાસે જણાવ્યું હતું કે, પ્રધાનના રાજીનામા ઉપરાંત સરકારે આત્મહત્યા કરનારાઓના પરિવારોને સન્માનજનક વળતર આપવા અને દિલ્હી તથા અન્ય ભાજપ શાસિત રાજ્યોમાં નોંધાયેલી FIR પાછી ખેંચવા માટે પણ સહમતિ દર્શાવી છે. સરકારી મધ્યસ્થીઓ - કેન્દ્રીય મંત્રીઓ જે.પી. નડ્ડા અને જિતેન્દ્ર સિંહ સાથેની સંયુક્ત પત્રકાર પરિષદમાં દાસે કહ્યું, "CJP જાહેરાત કરે છે કે અમે સારા વિશ્વાસ અને આ સમજુતી સાથે આંદોલન પાછું ખેંચીએ છીએ કે નક્કી કરેલી શરતોનું પાલન નક્કી કરેલી સમયમર્યાદામાં કરવામાં આવશે." આ બેઠકમાં દાસની સાથે CJPના અન્ય એક પ્રવક્તા અશુતોષ રાંકા પણ ઉપસ્થિત હતા. રાંકાએ કહ્યું, ૩૬ દિવસના વિરોધ પ્રદર્શન પછી સરકારે અમારી તમામ માંગણીઓ સ્વીકારી લીધી હોવાથી, અમે દરેકને શાંતિપૂર્ણ રીતે વિરોધ સ્થળો પરથી પાછા હટીને ઘરે

...અનુસંધાન પાના 11 પર

'સુબહ હો ગઇ મામુ': દીપ્કેનો મોદી પર કટાક્ષ

'સુબહ હો ગઈ મામુ', કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપ્કેએ શનિવારે 'મુન્નાભાઈ M.B.B.S.'ના આઇકોનિક સંવાદનો ઉપયોગ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતા કહ્યું હતું. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવાની જાહેરાત કર્યાના થોડી જ ક્ષણો બાદ તેમણે આ કટાક્ષ કર્યો હતો. દિલ્હીના જંતર-મંતર પર સ્થિત મંચ પરથી કરાયેલી આ ટિપ્પણીને જોરદાર નારેબાજી અને તાળીઓથી વધાવી લેવામાં આવી હતી, અને દીપ્કેએ શિક્ષણ મંત્રીના રાજીનામાને "લોકશાહીનો વિજય" ગણાવીને વિજયી ઉત્સવ મનાવ્યો હતો. મોદી પર નિશાન સાધતા દીપકે કહ્યું, "નરેન્દ્ર મોદીજી, લોકશાહીનો ઉદય થયો છે, મામુ. આ તો માત્ર શરૂઆત છે, હજુ તો પેહલી વિકેટ જ પડી છે. લડાઈ હજુ પૂરી થવાથી ઘણી દૂર છે."

આપઘાત કરનારાઓને વળતરની રકમ સરકારે જણાવી નહીં

CJPએ બાકીની માંગણીઓ પણ ઉઠાવી હતી જેમાં કોઈ પણ બદલાના પગલાં ન લેવા, વળતર પૂરું પાડવું, અને તેમના પાંચ મુદ્દાના ચાર્ટર પર વિચાર કરવો સામેલ છે. ચર્ચા પછી, પહેલો મુદ્દો એ હતો કે કોઈ પગલાં લેવામાં ન આવે અને કોઈ FIR નોંધવામાં ન આવે. જો દિલ્હી પોલીસ દ્વારા કે ભાજપ શાસિત રાજ્યોમાં પહેલેથી જ કોઈ FIR નોંધાયેલી હશે, તો તેને પાછી ખેંચી લેવામાં આવશે એમ મંત્રી નડ્ડાએ જણાવ્યું હતું. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું કે સરકાર નીટ પીડિતોના આપઘાત કરનાર પરિવારજનોને નિયમો અનુસાર સન્માનજનક વળતર આપવા માટે સંમત થઈ છે. અહીં નોંધપાત્ર છે કે સરકારે સન્માનજનક વળતરની વાત કરી છે, આંકડો આપ્યો નથી, જ્યારે કે સીજેપીએ દરેક આપઘાત કરનારા વિદ્યાર્થીના કુટુંબને રૂ. એક કરોડના વળતરની માગ કરી હતી.

H-1B વિઝા ત્રણ વર્ષ માટે સ્થગિત કરવા અમેરિકાની સંસદમાં ખરડો રજૂ થયો

એક રિપબ્લિકન સેનેટરે રજૂ કરેલો ખરડો ત્રણ વર્ષ માટે H-1B વિઝા બિલકુલ બંધ કરી દેવાની જોગવાઇ ધરાવે છે

આ વિઝા ફરી શરૂ થાય ત્યારે પણ કડક નિયમો સાથે શરૂ કરવાની જોગવાઇ

વૉશિંગ્ટન, તા. ૨૫(પીટીઆઇ): એક અમેરિકી સેનેટરે સેનેટમાં એક બિલ રજૂ કર્યું છે જે ત્રણ વર્ષ માટે નવા H-1B વિઝાના ઇશ્યુઅન્સ પર રોક લગાવવા અને ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલી ૧૦૦,૦૦૦ ડોલરની ફીને કાયદાકીય માન્યતા આપવા માંગે છે, જેને ફેડરલ કોર્ટે રદ કરી હતી.

મોન્ટાનાના રિપબ્લિકન સેનેટર ટિમ શીહીએ જણાવ્યું હતું કે અમેરિકાએ એવા વિઝા ન આપવા જોઈએ જે અમેરિકન કામદારોના અધિકારોને નબળા પાડવાનું સરળ બનાવે છે. H-1B વિઝા એ એક નોન-ઇમિગ્રન્ટ વિઝા છે જે અમેરિકી કંપનીઓને એવા વિશેષ વ્યવસાયોમાં અત્યંત કુશળ વિદેશી કામદારોને રોજગારી આપવાની મંજૂરી આપે છે જેમાં સૈદ્ધાંતિક અથવા ટેકનિકલ કુશળતાની જરૂર હોય છે. અમેરિકન ટેક્નોલોજી કંપનીઓ ભારત અને ચીન જેવા દેશોમાંથી દર વર્ષે હજારો કર્મચારીઓની ભરતી કરવા માટે આ વિઝા પર નિર્ભર રહે છે. શીહીએ ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, H-1B પ્રોગ્રામની રચના વિશિષ્ટ, ભરવા માટે મુશ્કેલ હોય તેવી જગ્યાઓની કામદારોની તંગીને દૂર કરવા માટે કરવામાં આવી હતી – સસ્તા વિદેશી શ્રમ સાથે લાયક, સખત મહેનત કરતા અમેરિકનોને વિસ્થાપિત કરવા માટે નહીં.

શીહીએ 'એન્ડ H-1B અબ્યુઝ એક્ટ'ને અમેરિકન કામદારોનું રક્ષણ કરવા, H-1B છેતરપિંડીઓ પર અંકુશ મેળવવા અને અપૂરતા રક્ષણાત્મક નિયમો સાથે વર્ષોથી ચાલી રહેલા આ પ્રોગ્રામ દ્વારા ઊભા થતા રાષ્ટ્રીય સુરક્ષા જોખમોને સંબોધવા માટે આને એક નિર્ણાયક, સક્રિય પગલું ગણાવ્યું હતું. આ સૂચિત કાયદાને 'ઇમિગ્રેશન એકાઉન્ટબિલિટી પ્રોજેક્ટ' અને 'ફેડરેશન ફોર અમેરિકન ઇમિગ્રેશન રિફોર્મ' (FAIR) દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.

આ બિલ ત્રણ વર્ષ માટે નવા

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૫-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું
હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો ૭.૦૦ મીમી	મોસમનો ૪૦૦ મીમી

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૨૭.૭૦ સે.	૨૫.૦ સે.	૮૪%

અમેરિકી ટેરિફમાં નીચલો સ્લેબ મળ્યો છે: ભારત સરકાર

નવી દિલ્હી, તા. 25 (PTI): સરકારે શનિવારે જણાવ્યું હતું કે અમેરિકાએ કથિત વેઠમજૂરીની ચિંતાઓને લઈને તેના 'સેક્શન ૩૦૧'ના પગલાં હેઠળ ભારતને ૧૦ ટકાના નીચલા ટેરિફ સ્લેબમાં રાખ્યું છે. દ્વિપક્ષી વેપાર કરાર વહેલી તકે થાય તે માટે અમેરિકા સાથે કાર્ય કરવા માટેની પ્રતિબધ્ધતા સરકારે દોહરાવી છે. યુનાઇટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ(USTR) એ ૨૩ જુલાઈએ યુએસ ટ્રેડ એક્ટ, ૧૯૭૪ના સેક્શન ૩૦૧ હેઠળ આખરી પગલાંની જાહેરાત કરી હતી. આ પગલાં USTR દ્વારા ભારત સહિત ૬૦ અર્થતંત્રોના એવા કાયદાઓ, નીતિઓ અને પ્રથાઓની તપાસ બાદ લેવામાં આવ્યા છે, જે વેઠમજૂરીથી ઉત્પાદિત વસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકવા અને તેનો અમલ કરવા સાથે સંબંધિત છે. USTRએ ભારતમાંથી થતી આયાત પર વધારાની ૧૦ ટકા જકાત લાદી છે. અમેરિકાએ શરૂઆતમાં ૧૨.૫ ટકા જકાતની દરખાસ્ત મૂકી હતી.

સમગ્ર તપાસ દરમિયાન ભારતે વિગતવાર લેખિત સબમિશન અને

...અનુસંધાન પાના 11 પર